ET The Economic Times ગુજરાતી
Gujarati

https://gujarati.economictimes.com/msme/edii-will-train-750-persons-with-disabilities-for-skill-development-in-partnership-with-sbi-foundation/articleshow/100464659.cms

# EDII 750 દિવ્યાંગોના કૌશલ્ય વિકાસ માટે તાલીમ આપશે, એસબીઆઈ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી

Authored by Navlakha Bijal | ET OnlineUpdated: 24 May 2023, 10:44 am

Skill Development Of Disabled: EDII અને SBI ફાઉન્ડેશનનો સહયોગ દિવ્યાંગોને ઉદ્યોગ સાહસિક બનાવી તેમની માર્કેટ સુધી પહોંચ વિસ્તરિત કરી આવકમાં વધારો કરશે.



**અમદાવાદ**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)એ એસબીઆઈની કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) પ્રોજેક્ટ સ્વાવલંબન હેઠળ 750 દિવ્યાંગો (PwDs)ના કૌશલ્ય વિકાસ અને તાલીમ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશન (SBIF) સાથે ભાગીદારી કરી છે. ઈડીઆઈઆઈ આ પ્રોજેક્ટને ગુજરાતના આણંદ, ખેડા, ગાંધીનગર, અમદાવાદ અને અરવલ્લી જિલ્લામાં અમલમાં મૂકશે.

પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગ ઉધોગસાહસિકોને તેમની બજાર પહોંચ વિસ્તારવામાં અને તેમની આવકમાં વધારો સુનિશ્ચિત કરવામાં મદદ કરવાનો છે.

પ્રોજેક્ટ હેઠળ ઇડીઆઇઆઇ 750 અલગ-અલગ દિવ્યાંગોને એન્ટરપ્રાઇઝ પ્રમોશન ટ્રેનિંગ આપશે જેમાં 500 વ્યક્તિગત ઉધોગસાહસિકો અને 250 સભ્ય આધારિત સંસ્થાઓ (MBO) ઉધોગસાહસિકોનો સમાવિષ્ટ છે. સહકારી અથવા સ્વસહાય જૂથ (SHG) તરીકે 250 અલગ-અલગ દિવ્યાંગ ઉધોગસાહસિકો માટે દસ એમબીઓ બનાવવામાં આવશે.

આ એમબીઓને નેટવર્ક-બિલ્ડિંગ, બજારની પહોંચ વધારવા અને ફાઇનાન્સ માટે માર્ગદર્શન અને ટેકો પૂરો પાડવામાં આવશે.

પ્રોજેક્ટના ભાગ રૂપે દિવ્યાંગ લોકોના સશક્તિકરણ તરફ સરકાર, સ્ટાર્ટ-અપ્સ, ઔધોગિક સંગઠનો અને સીએસઆર સંસ્થાઓનું ધ્યાન દોરવા માટે એક સંશોધન પણ હાથ ધરવામાં આવશે.

એસબીઆઇ ફાઉન્ડેશનના દિવ્યાંગો માટેના સેન્ટર ઓફ એક્સિલન્સ વિભાગના વાઇસ પ્રેસિડેન્ટ શશી ભૂષણે જણાવ્યું હતું કે, “એસબીઆઇ ફાઉન્ડેશન સમુદાયો સાથે જોડાઇ દિવ્યાંગોનું સશક્તિકરણ પર ધ્યાન આપી રહ્યું છે. તેમને આત્મનિર્ભર બનાવવા માટે, અમે પ્રવૃત્તિઓના વિશાળ કેનવાસ દ્વારા સમગ્ર દેશમાં દિવ્યાંગજનોને સંવેદનશીલ અને સશક્ત બનાવવા સખત મહેનત કરી રહ્યા છીએ જેમ કે જાગૃતિ નિર્માણ દરમિયાનગીરીઓ, કૌશલ્ય વિકાસ, સ્વ-રોજગાર માટે ક્ષમતા નિર્માણ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, વ્યવસાય ધિરાણ અને ઘણું બધું. ઇડીઆઇઆઇ સાથે સહયોગ કરીને અમે તે લક્ષ્યોને હાંસલ કરવાનું લક્ષ્ય રાખીએ છીએ."

આ અંગે ઇડીઆઇઆઇના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, “સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ દ્વારા ઇડીઆઇઆઇ અલગ-અલગ દિવ્યાંગોમાં ઉધોગસાહસિકતા, રોજગારી અને આજીવિકા પ્રવૃત્તિઓને સફળતાપૂર્વક પ્રોત્સાહન આપી રહ્યું છે.ઇડીઆઇઆઇ માટે સર્વસમાવેશક વૃદ્ધિ અને વિકાસ હંમેશા મુખ્ય ફોકસ રહ્યું છે અને આ સહયોગ સાથે, અમારું લક્ષ્ય અલગ-અલગ દિવ્યાંગ ઉધોગસાહસિકોને સશક્ત કરવાનો અને તેમને સમાજ માટે આદર્શ બનાવવાનો છે."

ઇડીઆઇઆઇ સર્વસમાવેશક વૃદ્ધિ માટે નવીનતા-આધારિત પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા માટે સરકારો અને કોર્પોરેટ સાથે ભાગીદારી કરે છે. અત્યાર સુધીમાં, સંસ્થાએ 23 થી વધુ રાજ્યો અને 138 જિલ્લાઓમાં કામ કર્યું છે અને વિવિધ પ્રોજેક્ટ્સ અને પહેલો દ્વારા 68,950 જીવન પર પ્રભાવ પાડ્યો છે.